## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



હું તો મારી દિકરીને બધા ડ્રાયફ્રુટ આપુ... બદામ સીવાયના... નહી ને લગ્ન એને અક્કલ આવી જાય ને લગ્ન કરવાની ના પાડે તો... વ્રતનાં ડ્રાયફ્રુટનાં ખર્ચા માથે પડે...!!

# વૈષ્ણોદેવી સર્કલ પાસે બાંધકામ સાઈટ પર સ્લેબ તુટી પડતાં સુપરવાઈઝરનું મૃત્યુ



બે શ્રમિકોને સામાન્ય ઈજા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર-સરખેજ માર્ગ પર વૈષ્ણોદેવી સર્કલથી ઝુંડાલ તરફ જતા રહેણાંક બાંધકામ સાઈટ પર સ્લેબ ભરવાની કામગીરી દરમિયાન અચાનક સ્લેબ તુટી ગયો હતો. આ બનાવમાં સાઈટ પર કામ કરતા બે શ્રમિકોને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા. જ્યારે સાઈટ સુપરવાઈઝર સાવન પ્રજાપતિનો કાટમાળ નીચેથી વહેલી સવારે મૃતદેહ મળી આવ્યો હતો. અમદાવાદ-ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે આખી રાત રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યુ હતુ. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ વૈષ્ણોદેવી સર્કલથી ઝુંડાલ તરફ જતા 'પનાચે' નામની રહેણાંક સ્કીમનું બાંધકામ ચાલી રહ્યુ હતુ. ત્યારે ગતરોજ સાંજના સમયે સાઈટ પર સ્લેબ ભરવાનુ કામ પુરજોશમાં ચાલી રહ્યુ હતુ. તે સમયે અચાનક સ્લેબ ધડાકાભેર તુટી પડ્યો હતો. આ બનાવમાં એક શ્રમિક મહિલા અને પુરૂષને ઈજા પહોંચતા તાત્કાલિક ખાનગી હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયા હતા. સ્લેબ પડવાના અવાજને પગલે શ્રમિકો મોટી સંખ્યામાં દોડી આવ્યા હતા. જ્યારે બન્ને શ્રમિકોને હાથે-પગે સામાન્ય ઈજા પહોંચતા અન્ય શ્રમિકોએ હાશકારો અનુભવ્યો હતો. જ્યારે સાઈટ સુપરવાઈઝર સાવન પ્રજાપતિ (ઉં.વ. ૩૭, રહે. હિંમતનગર) સાઈટ પર નજરે ન પડતા સ્લેબના કાટમાળ નીચે દટાયો હોવાની શંકાને પગલે ફાયર ટીમના જવાનો દ્વારા સ્લેબ હટાવવાની કામગીરી તાત્કાલિક શરૂ કરવામાં આવી હતી.

બનાવની ગંભીરતાને લઈ ચીફ ફાયર ઓફિસર કૈઝાદ દસ્તુર પણ સ્થળ પર પહોંચી ગયા હતા. ગાંધીનગર-અમદાવાદની ફાયર વિભાગની ટીમ દ્વારા આખી રાત કાટમાળ હટાવવાની કામગીરી દરમિયાન વહેલી સવારે સુપરવાઈઝર સાવન પ્રજાપતિનો મૃતદેહ કાટમાળ વચ્ચેથી મળી આવ્યો હતો. આ ઘટનામાં બિલ્ડરની ગંભીર બેદરકારી સામે આવી છે. ઉલ્લેખનીય છે કે બાંધકામ સાઈટ પર સ્લેબ સાંજના સુમારે તુટી પડ્યો હતો. તેમ છતાં અમદાવાદ ફાયરબ્રિગેડને મોડી જાણ કરવામાં આવી હતી. તે ઉપરાંત ગાંધીનગર ફાયર ટીમને જાણ કરવામાં આવતા તે પણ રેસ્ક્યુ માટે દોડી ગઈ હતી. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં ૫ મી જુલાઈ સુધી વરસાદ છે તેમ હવામાનખાતાની આગાહીમાં જણાવાયુ છે.
- ગાંધીનગર તાલુકા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક તાલુકા પંચાયત ખાતે આજે મળી હતી અને ગણતરીની મિનિટોમાં પૂર્ણ થઈ હતી.
- ગાંધીનગરના આજોલમાં સંસ્કારતીર્થ ખાતે વાલીસભાનું આયોજન કરાયુ હતુ.
- માણસા ચૌધરી સંકુલમાં સ્વ. મોતીભાઈ ચૌધરીની જન્મ શતાબ્દીની ઉજવણીના ભાગરૂપે પશુપાલન શિબિર યોજાઈ હતી.
- પુસ્તક પરબ આજે બલરામ મંદિર ખાતે યોજાશે.
- સોમવારના ગુરૂપૂર્ણિમા મહોત્સવની ઉજવણીમાં ભક્તો-શિષ્યો વ્યસ્ત બન્યા છે.
- દહેગામ નગરપાલિકામાં વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થતા કર્મચારીઓનો સન્માન સમારોહ યોજાયો હતો.
- દહેગામના રાઠોડ વાસણા ગામની મહિલાને સામાન્ય બાબતે દિયર, દેરાણી અને ભત્રીજાએ માર માર્યો.
- સિવિલ હોસ્પિટલ સામે આવેલ બગીચામાં પાર્ક કરેલુ એક્ટીવા ચોરાયુ.
- દંતાલી ગામની સીમમાં આવેલી ફાર્મમાંથી ૮.૩૩ લાખનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો.
- સે. ૩૦માંથી ઘર આગળ પાર્ક કરેલા બાઈકની ઉઠાંતરી થયાની ફરિયાદ નોંધાઈ છે.
- ગઈકાલની સામાન્ય સભા બાદ આજે જિલ્લા પંચાયતમાં શાંતિનો માહોલ જોવા મળ્યો હતો.
- સે. ૭ના અગ્રણી જસવંતભાઈ ગાંધીની રોટરી ડિસ્ટ્રિક્ટ-૩૦૩૫માં એડીશનલ ડિસ્ટ્રિક્ટ સેક્રેટરી તરીકે નિમણુંક થઈ છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓ. ડૉ. પરમાર તેમજ અન્ય બે કર્મચારીઓ વયમર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે.
- ગાંધીનગર શહેરમાં કાદવ-કીચડની સ્થિતિ વચ્ચે વાહનચાલકોની પરેશાની વધી છે.
- ગાંધીનગરમાં ચોમાસાની સ્થિતિને લઈ એસ.ટી.ની સેવાઓ અનિયમિત થઈ છે.

# પેથાપુર ગાયત્રી સાધના પ્રચાર કેન્દ્રમાં ગુરૂપૂર્ણિમા મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૦૧

ગાયત્રી પરિવાર પેથાપુર દ્વારા ગુરૂપૂર્ણિમાના પાવન અવસરે ગુરૂપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

તારીખ ૩ જુલાઈએ પેથાપુર ગાયત્રી સાધના કેન્દ્રમાં, પોસ્ટ ઓફિસની બાજુમાં પેથાપુર ખાતે સવારે ૭ કલાકે ગુરૂપરંપરા પૂજન સવારે ૯ કલાકે ત્રીકુંડીય ગાયત્રી યજ્ઞ, બપોરે ૧૦ કલાકે આરતી-પ્રસાદ વિતરણ થશે.

# રવિ ગ્રુપ ટ્યુશન સેકટર-૨૪ માં કરાયેલ કાનુની શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૦૧

જિલ્લા કાનુની સેવા સત્તામંડળ,ડિસ્ટ્રિક્ટ કોર્ટ ગાંધીનગર ના આદેશ અનુસાર ૨૬ જૂન વિશ્વ ડ્રગ એબ્યુસ અને ઈલ્લીસીટ ટ્રાફિકિંગ ડે નિમિત્તે દવા દુરુપયોગ અને તેના ગેરકાયદે હેરાફેરી, વ્યાપાર ને નાથવા ,તે અંગે વિસ્તૃત સમજણ આપવા એક કાનુની શિબિરનું આયોજન સેકટર ૨૪ સ્થિત રવિ ગ્રુપ ટયુશન ખાતે કરવામાં આવેલ હતું.જેમાં પેરા લીગલ વોલન્ટીયર સુધીર દેસાઇ એ વિદ્યાર્થીઓ ને



સંબોધિત કર્યા હતા.સંચાલક શ્રી નિશિથ વૈષ્ણવ ની ખાસ ઉપસ્થિતિ રહેલ હતી.વિદ્યાર્થીઓ દ્વારા પણ પ્રશ્નોત્તરી પણ થયેલ હતી.

# ખોરજ પાસેથી સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દારૂ ભરેલી ઈનોવા ઝડપી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર-સરખેજ માર્ગ પર ખોરજ બ્રિજ અદાણી-શાંતિગ્રામ નજીકથી ઈનોવા ગાડીમાંથી વિદેશી દારૂની ૬૫૯ બોટલ સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ઝડપી પાડી છે. એસ.એમ.સી.ની ટીમે ડ્રાઈવર-ક્લીનરને પકડી પાડી રૂ. ૯.૮૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પાંચ શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ સ્ટેટ મોનીટરીંગ સેલના ડીવાયએસપી કે.ટી. કામરીયાની ટીમને બાતમી મળી હતી કે મહેસાણા જિલ્લાના કડી તાલુકાના સુરજપુરા ગામ તરફથી એક સિલ્વર કલરની ઈનોવા કારમાં વિદેશી દારૂની હેરાફેરી થવાની છે. જેથી અડાલજ ટોલનાકાથી વૈષ્ણોદેવી સર્કલ સુધીના માર્ગ પર વોચ ગોઠવી હતી. તે સમયે બાતમીવાળી ગાડી પોલીસને જોઈ ગાડી ખોરજ તરફ દોડાવી મુકી હતી. જેથી સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે પીછો કરી ખોરજ અદાણી-શાંતિગ્રામ બ્રિજ પર ઈનોવાને આંતરી લીધી હતી. ટીમે ઈનોવામાં બેઠેલા બે શખ્સના નામ પુછતા નિમેશ અર્જુનભાઈ ગામીત (ધંધો ડ્રાઈવીંગ, રહે. રત્નદીપ સોસાયટી, રાણીપ, મુળ રહે. બાપાસીતારામ નગર તાપી સોમગઢ) અને રમજાન મહંમદ નદીમ શેખ (રહે. ગણેશનગર સોનગઢ) હોવાનું જણાવ્યુ હતુ. પોલીસે કારમાં તપાસ કરતા વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલ નંગ ૬૫૯ કિ. ૨.૭૪,૯૩૫, ઈનોવા કાર રૂ. ૭ લાખ, બે મોબાઈલ કિં. ૫,૫૦૦, રોકડા - ૧૯૮૦ મળી કુલ રૂ. ૯.૮૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પાંચ શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. જ્યારે પોલીસે ડ્રાઈવર નિમેષની પુછપરછ કરતા ગતરોજ સાંજે શેઠ જીતુભાઈ ઉર્ફે જયઅંબે અર્જુનભાઈ રાવળ (રહે. નદિપ સોસાયટી રાણીપ અમદાવાદ) એ ઈનોવા ગાડી આપી હતી. ગાડી મહેસાણા તરફ ધીમે ધીમે લઈને જા. જેથી મિત્ર રમઝાન શેખને પણ સાથે લઈ ગયો હતો. જ્યારે કલોલ પહોંચતા શેઠ જીતુભાઈનો ફોન આવ્યો હતો અને ગાડી કડી સુરજ ગામ તરફ લઈ જવા માટે કહ્યુ હતુ. ત્યારબાદ ગોપાલસિંહને ફોન કરવાનું કહ્યુ હતુ. ત્યારબાદ થોડા આગળ જતા છોટાહાથીમાંથી દારૂ ઈનોવામાં ભર્યો હતો. દારૂ અમદાવાદ પહોંચે તે પહેલા એસ.એમ.સી.ની ટીમે દારૂ ભરેલી કાર પકડી પાડી હતી.

# ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય



ગાંધીનગર, તા. ૧

ગજાનન સેવા સમિતિ દ્વારા ત્રણ ગામોમાં દવાના બોક્સ મુકવામાં આવ્યા હતા. ઉત્તર ત્રીપુરાના નાટુમબારી, શીવબારી તથા બગનપુરા ગામમાં ચાર દવાના કીટ બોક્સ બનાવી ત્યાંના કાર્યકર્તાને ઘરે મુકવામાં આવ્યા હતા. પેરા, સીપીએમ, વોયાફાઈલીન તથા મેટ્રોડીનાઝાલ એ બોક્સમાં ચાર્ટ સાથે મુકવામાં આવી હતી.

# કુ. ખ્યાતિ સુખડીયા અને કુ. વિશ્વા કાકડીયાએ કથક શાસ્ત્રીય નૃત્યમાં વિશારદની પદવી મેળવી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર એ સાંસ્કૃતિક નગરી છે અને આ વાત ને સાર્થક કરવા હરરોજ કોઈ વ્યક્તિ કોઈ ને કોઈ નામના કે પદવી પ્રાપ્ત કરે છે. આવી જ વ્યક્તિમાં ગાંધીનગરની બે દીકરીઓ કુ. ખ્યાતિ મનીષકુમાર સુખડીયા અને કુ. વિશ્વા સંજય કાકડીયા એ હાલ માં જ લેવાયેલ કથક શાસ્ત્રીય નૃત્યમાં "વિશારદ" ની પદવી પ્રાપ્ત કરી છે. આ પદવી ૭ થી ૧૦ વર્ષ ની કઠિન તપસ્યા બાદ પ્રાપ્ત થાય છે જેની પાછળ અથાગ મહેનત, સમય અને ધૈર્ય કામ કરે છે. આ બંને દીકરીઓ ગાંધીનગરની જાણીતી સંસ્થા " અભિવ્યક્તિ કલા કેન્દ્ર" ના કલાગુરુ ગાર્ગી ઠક્કર પાસે



છેલ્લા ૯ વર્ષ થી તાલીમ લઈ રહી છે.આ સંસ્થા છેલ્લા ૨૩ વર્ષથી ગાંધીનગર માં કથક ક્ષેત્રમાં કાર્યરત છે. જેમાં ગત એપ્રિલ - મે માં આશરે ૩૦ દીકરીઓએ જુદા જુદા વર્ષની પરીક્ષા આપી હતી અને બધી જ દીકરીઓ પ્રથમ અને વિશેષ યોગ્યતાની શ્રેણીમાં પાસ થઈ છે. જ્યારે ખ્યાતિ અને વિશ્વા એ કથકની ૭માં વર્ષની પરીક્ષા આપી હતી જેમાં તેઓએ ખૂબ જ સુંદર પ્રસ્તુતિ કરી ' વિશારદ ' ની પદવી મેળવી છે. સંસ્થાના કલાગુરુ ગાર્ગી બેને દીકરીઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી અને ભવિષ્યમાં આગળને આગળ ઉન્નતિ કરે અને ભારતીય સંસ્કૃતિ ના વારસાને હંમેશા જાળવી રાખે એવી શુભેચ્છાઓ પાઠવી હતી. સાથે સાથે તબલચી મોહિતભાઈ સુરાની, લેહરા - ગાયન માટે દિવ્યાબેન પારેખ નો આભાર વ્યક્ત કર્યો હતો. તથા ગુરુજન અને દીકરીઓ ના વાલીના સાથ સહકાર માટે આભાર વ્યક્ત કર્યો હતો.



પ્રિ. મોન્સૂન વરસાદ બાદ ચિલોડા પંથકમાં મગફળી અને કપાસનું વધુ વાવેતર માં ખેડૂતોએ વધુ રસ દાખવ્યો

# શ્રી ડભોડિયા હનુમાનજી મંદિરે સુંદરકાંડના પાઠનું આયોજન



ગાંધીનગર,તા.૦૧

ગાંધીનગર જિલ્લાના સુપ્રસિદ્ધ શ્રી ડભોડિયા હનુમાનજી મંદિરે રવિવારે સવારે ૧૦:૦૦ વાગે સુંદરકાંડના સંગીતમાય પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. ગુરુ કૃપા હી કેવલમ સદગુરુ પરિવાર પાટડી દ્વારા રાધે ભાઈ ના મુખે સંગીતમય સુંદરકાંડનો પાઠ સવારે ૧૦:૦૦ કલાકે યોજાશે. આ પાઠમાં લાભ લેવા માટે તેમજ હનુમાનજી દાદા ના દર્શન નો લાવો મેળવવા ડભોડા તેમજ આસપાસના વિસ્તારના ગ્રામજનોને ભાગ લેવા માટે જાહેર અપીલ શ્રી ડભોડિયા હનુમાનજી મંદિર મંડળ તથા સુંદરકાંડ પાઠ ના આયોજક બીપીનભાઈ નાયક ચાંદખેડા વાળા દ્વારા કરવામાં આવી છે.

# Cybage Asha ટ્રસ્ટના સહયોગથી બાળકોને કરાયું શૈક્ષણિક કીટનું વિતરણ

**બોરીજના નવાપરા પ્રાથમિક શાળા ખાતે ગાંધીનગર જિલ્લાના ૭૦ જેટલા જરૂરતમંદ બાળકોને કલેકટર હિતેશ કોયાના હસ્તે શૈક્ષણિક કીટનું કરાયું વિતરણ**

ગાંધીનગર,તા.૦૧

શિક્ષણ થકી દેશના બાળકોનું ભવિષ્ય ઉજળું થાય તે માટે સરકાર અને સહયોગી સંગઠનો સાથે મળી કામ કરી રહ્યા છે. ગામડાં અને શહેરોમાં વસતા બાળકોના શિક્ષણ, સ્વાસ્થ્ય અને ઉમદા જીવન માટે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબીલીટી (CSR) અંતર્ગત Cybage Software Pvt Ltd કંપનીના ટ્રસ્ટ Cybage Ashaના સહયોગથી શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી હિતેશ કોયાએ પ્રાસંગિક રાજ્ય સરકારે આવા જરૂરતમંદ ગરીબ બાળકોના પોષણ, શિક્ષણ અને સ્વાસ્થ્યની ચિંતા કરીને આ માટે ખાસ તકેદારી રાખી છે. ખાસ કરીને આવા બાળકોના કુટુંબ માટે આયુષ્માનકાર્ડ, શ્રમિક કાર્ડ, આધાર કાર્ડ, રાશન કાર્ડ વગેરે કાઢી આપવા માટે કેમ્પનું પણ



સરકાર સાથે કોર્પોરેટ ક્ષેત્ર જોડાતા નવા પરિણામો સર્જાયા છે. ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી હિતેશ કોયાની ઉપસ્થિતિમાં બોરીજના નવાપરા પ્રાથમિક શાળા ખાતે ગાંધીનગર જિલ્લાના ૭૦ જરૂરતમંદ બાળકોને ઉદ્‌બોધનમાં જરૂરતમંદ બાળકોને માટે કરાતા સેવાકીય કાર્યની પ્રસંશા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે જરૂરતમંદ બાળકોની કાળજી માટે વિશેષ પગલાં ભર્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આયોજન કરાયું છે. કાર્યક્રમમાં Cybage Software Pvt Ltd કંપનીના અગ્રણી પ્રણવ જોષીએ જણાવ્યું હતું કે સમાજના ઉત્કર્ષ માટે અને શિક્ષણનો વ્યાપ વધારવા માટેનો કંપનીનો આ નમ્ર પ્રયાસ છે.

# માણસા કોર્ટના સરકારી વકીલ દોલાજી જે. ઠાકોરનો નિવૃતિ વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર,તા.૦૧

સરકારી વકીલશ્રી દોલાજી. જે. ઠાકોર ના વય નિવુતી ના કારણે માણસા બારરૂમ માં સન્માન ના કાર્યક્રમમાં ન્યાયાધીશ એ. આર. દ્રીવેદી, તેમજ કે.આર ત્રીવેદી તેમજ જે.જી.પટેલ ન્યાયાધીશો હાજર રહેલા તેમાં ગુજરાત બાર કાઉન્સિલ ના ફાઈનાન્સ કમિટી ના ચેરમેન શંકરસિંહ ગોહિલનાઓ એ બુકે આપી ને સન્માન કરેલ તેમા બાર ના પ્રમુખ અમરતજી ઠાકોર જયમીનભાઈ ઉપાધ્યાય તેમજ યોગેશભાઈ જાની તેમજ વિજયસિંહ ચાવડા નાઓએ પણ સરકારી વકીલશ્રી દોલાજી. જે. ઠાકોર નુ સન્માન કરેલુ તેમજ કલોલ બાર ના હોદ્દેદારશ્રીઓ તેમજ બાર ના વકીલ મિત્રો એ પણ મોમેંટો આપી સન્માન કરેલ તેમજ સરકારી વકીલશ્રી દોલાજી. જે.



ઠાકોર ના પરીવાર નાઓને પણ સન્માન કરેલ તેમજ સરકારી વકીલશ્રી કુલદીપ શર્મા એ પણ સન્માન કરેલ અંતે સ્વરૂચી ભોજન લઈ છુટા પડેલા બધાએ પોતાના વ્યક્તવ્ય મા જણાવેલ કે બાકીનુ જીવન ઘર કુટંબ અને સમાજ માટે કામ કરી પ્રેરણા રૂપ દાખલો બેસાડો એવી વાત કરેલી.